SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 14. ઉત્તર ગુજરાતની ભવાઈકલા : ગઈકાલ અને આજ

*ડૉ. અમિતા પંચાલ*

ભવાઈ કલાની વાત કરતાં પહેલાં કલાની જરૂરિયાત વિશે થોડીક ચર્ચા કરવી જોઈએ એવું લાગે છે મને. માણસે અભિવ્યક્ત થવાની ઇચ્છા કરી હશે ત્યારથી કળાનો વિનિયોગ શરૂ થઈ ગયો હશે. આનંદમાં એ નાચ્યો હશે અને સંદેશા પહોંચાડવા એણે ચિત્રો કર્યાં હશે. આ જ કળાઓ વિકસતી વિકસતી નિયમબદ્ધ થતી ગઈ હશે ને મળ્યાં હશે આપણને શાસ્ત્રીય કળાસ્વરૂપો. સાહિત્યની રચનાઓ થવા માંડી એ પહેલાં ભાષાનો વિકાસ એની ચરમસીમાએ હશે એ ધારવું સહેજ પણ અનુચિત નથી, નહીંતર વેદોની રચના પ્રચૂર સંસ્કૃતમાં ન થઈ શકી હોત ! લોકકલાઓની ચર્ચામાં લોકભાષા અને લોક-અભિવ્યક્તિ બહુ જ મહત્ત્વનાં પરિબળો છે. માનવઉત્પત્તિથી લઈ લોકકલાની ચર્ચા શરૂ થઈ ત્યાં સુધી ભાષા અને અભિવ્યક્તિનું સ્વરૂપ બંને બદલાઈ ચૂક્યાં હતાં અથવા કહો કે ઘડાઈને ફરી જન્મીને ઉછેર પામી રહ્યાં હતાં.

સંસ્કૃતથી શરૂ થયેલી ભાષાની સફર લોકબોલી પાસે આવતાં આવતાં પ્રાકૃત સ્વરૂપ ધારણ કરે છે અને એ પછી પ્રદેશ-પ્રદેશ મુજબ વિવિધ ભાષાઓ ઘડાય છે. એ જ પરિસ્થિતિ અભિવ્યક્તિના સ્વરૂપની પણ થાય છે. નૃત્ય, ગાન અને પ્રસ્તુતિની કળા ભરત મુનિના સમયથી એટલે કે આશરે ઈ.સ. પૂર્વે ચોથીથી પહેલી સદીની વચ્ચે અસ્તિત્વમાં હતી એવા ઉલ્લેખ મળે છે. જો એ સમયે પ્રચૂર સંસ્કૃતમાં નાટ્યકળાની શાસ્ત્રીય ચર્ચા થઈ હોય તો સમજી શકાય છે કે એ સમયે માણસ કેટલો વિકસિત હશે ! એ પછીના સોલંકીયુગના સમયમાં જનસામાન્યો પોતાનું મનોરંજન પ્રાકૃત નાટકો દ્વારા કરતી એવા ઉલ્લેખો છે. અર્થાત્ અભિવ્યક્તિ માટે ભજવણીની કળા અને સામાન્ય લોકોમાં પોતીકી ભાષા – આ બે એવી બાબતો છે જે પહેલેથી અસ્તિત્વ ધરાવે છે. ભવાઈકળાની વાત કરીએ ત્યારે આ બે બાબતો એમાં જળવાયેલી જોવા મળે છે એની પાછળ આપોઆપ ચાલી આવતી આ પરંપરા છે એવું કહી શકાય.

હવે આવીએ ઉત્તર ગુજરાત પાસે. ઉત્તર ગુજરાતનું અસ્તિત્વ પ્રાચીન કાળથી છે. કહેવાય છે કે ચારણોની લેખનપ્રવૃત્તિને ઉત્તર ગુજરાતનાં રાજ્યોમાં વેગ મળ્યો હતો. ઈડરના રાજકવિએ ચારણ સાહિત્ય રચેલું છે.[1] આ બાબત સમજાવે છે કે પ્રસ્તુતિની કળા ઉત્તર ગુજરાતમાં પ્રાચીન સમયથી હતી. જે સમયગાળામાં ભારતીય પ્રજા અન્ય ધર્મી શાસકના ઊંડળમાં હતી તે સમયગાળામાં નાટ્યપ્રકારો લોકોની વધુ નજીક હતા, કારણ કે તેમાં દેશી ઢાળો, દેશી નૃત્ત, લોકવાણી, લોકપહેરવેશ, લોકોનાં દેવદેવીઓ, તેમનાં જ પુરાકલ્પનો ને લોકસંગીત અને લોકછંદો હતાં અને તેથીય વિશેષ તો મુક્તાકાશમાં, ધરતી પર, ગ્રામજનોની મધ્યમાં તે ભજવાતાં હતાં.[2] સમગ્ર ભારતમાં જ્યારે રાજાશાહી અને તુઘલક વંશનું શાસન હતું ત્યારે રાજદરબારોમાં થતી કલાભજવણીઓથી સામાન્ય લોકો વંચિત રહેતા જેને પરિણામે લોકપ્રસ્તુતિઓને વેગ મળ્યો અને લોકકલાઓ ખીલી. પરંતુ ગુજરાતનું લોકનાટ્ય 'ભવાઈ' કલા તરીકે પ્રચલિત થઈ તેની પાછળ માત્ર આ જ કારણ જવાબદાર નથી. તેની પાછળ અસાઈત ઠાકરનો પોતાના લોકો દ્વારા થયેલો બહિષ્કાર પણ એટલો જ જવાબદાર છે.

લોકવાયકા અનુસાર અસાઈત ઠાકરે નાયકની દીકરીનું શીલ બચાવવા તે દીકરી સાથે એક થાળીમાં ભોજન લીધું. પરિણામે અસાઈતની બ્રાહ્મણ ન્યાતે અસાઈતનો બહિષ્કાર કર્યો. અસાઈતનો વ્યવસાય લોકકથા પ્રસ્તુતિનો હતો. ન્યાત બહાર મુકાવાને કારણે અસાઈતનો વ્યવસાય પડી ભાંગ્યો અને જીવનનિર્વાહ માટે થઈને તેણે ભવાઈ સ્વરૂપની રચના કરી તેની ભજવણીઓ શરૂ કરી. પછી તો ભવાઈ ગુજરાતનું લોકનાટ્ય બની ગયું. આગળ આપણે જોયું તેમ સામાન્ય જનતા પાસે પોતાના મનોરંજન માટે લોકસ્વરૂપો હતાં. ભવાઈ પણ ધીરે ધીરે લોકસ્વરૂપ બનતું ગયું અને લોકો વારે-તહેવારે ભવાયાઓને નિમંત્રિત કરવા લાગ્યા. જે સમયગાળાની આ વાત છે એ સમયગાળામાં સ્ત્રીઓ ઘરનો ઉંબરો ભાગ્યે જ ઓળંગતી. મુસ્લિમ પ્રજાનું શાસન તો જવાબદાર હતું જ, રાજાશાહીમાં પણ સ્ત્રીઓની સલામતીના પ્રશ્નો હતા જ. કદાચ તેથી જ સ્ત્રીઓ ઘરકૂકડી બની જવા પામી હશે ! પણ આ પરિબળની અસર પ્રત્યેક લોકકળામાં જોવા મળે છે. ભવાઈમાં પણ

[1] https://www.researchguru.net/oldvolume/V7SEP2015/RG3.pdf

[2] વિશ્વકોશનું અવતરણ 'પરંપરાપ્રાપ્ત ભારતીય નાટ્યપ્રયોગો'

સ્ત્રીપાત્રો પુરુષો જ ભજવે છે એ સૌ જાણે છે. બાકીની બધી કળાઓમાં સ્ત્રીઓનું આગમન અને વિકાસ થયેલો આજે જોઈ શકાય છે પરંતુ ભવાઈમાં તો આજે પણ પુરુષો જ સ્ત્રીપાત્રો ભજવે છે. કદાચ આ એક જ સ્વરૂપ એવું રહ્યું છે જેણે સ્ત્રીપ્રવેશની બાબતે પોતાની પરંપરામાં જરાક પણ ફેરફાર થવા દીધો નથી.

અસાઈત સિદ્ધપુરની વતની હતા. એટલે કે ઉત્તર ગુજરાતના હતા. પરિણામે ભવાઈકલા ઉત્તર ગુજરાતની પોતાની આગવી વિશિષ્ટ કલા કહેવાય. વળી ભવાઈ માટે અનુકૂળ વાતાવરણ અસાઈતને વડનગરમાં મળે છે. પરિણામે ઉત્તર ગુજરાતના પ્રદેશોમાં ભવાઈ પહોંચે છે અને ભજવાય છે. અસાઈત પાસે નૃત્તપ્રધાન નાટ્યપ્રકારોની પરંપરાનું જ્ઞાન તો હતું જ. વળી પોતે કુશળ કથાકાર હતા એટલે વિષયો અને ભજવણીની કળાથી તેઓ પરિચિત જ હતા. પરંતુ તેમણે જે સ્વરૂપ વિકસાવ્યું તેમાં ગદ્ય-પદ્યનું અનોખું મિશ્રણ હતું. વળી આ બધું લોકબોલીમાં હતું. વિષયો પણ સમસામયિક હતા. એમણે રચેલાં ૩૬૦ વેશોમાંથી જે ત્રણ ચોક્કસપણે એમના છે એવું સંશોધકોને લાગ્યું છે, તે ત્રણેયના વિષયો લોકભાવના સાથે, લોકરિવાજ તથા લોકોમાં પ્રચલિત કુરૂઢિને લગતા છે. જેમ કે, રામદેવપીરનો વેશ, કજોડાંનો વેશ અને લાલજી મણિયારાનો વેશ. અર્થાત્ ન્યાતે બહાર કર્યા એ પછી અસાઈતે વ્યવસાય તરીકે જ ભવાઈનો ઉપયોગ નહોતો કર્યો, બલકે લોકસુધારણા માટે પણ ઉપયોગ કર્યો હતો. એમની આ સદ્ભાવના આજના યુગમાં કેટલી પ્રસ્તુત રહી ગઈ છે તે જોવા જેવું છે. કારણ કે, લોકસંગીત, લોકગીતો કે લોકકળાઓનો પક્ષ આજે ઝાંખો પડ્યો છે તે દેખીતું સત્ય છે, પરંતુ ઉત્તર ગુજરાતના પ્રદેશોમાં આજે પણ ભવાઈઓ ભજવાય છે અને ટેકનોલોજીના ઉપયોગથી યુટ્યુબ પર ભવાઈની ઘણી ચેનલો પણ જોવા મળે છે જેમાં ભજવણીના વિડીયો પણ જોઈ શકાય છે.

જે સમયે ભવાઈ શરૂ થઈ એ સમયે ગામ લોકો ખુલ્લામાં ગોળાકારે બેસતા અને વચોવચ ભવાયાઓ ભવાઈ રમતા. કારણ લોકઉત્સવનું, બાધાનું કે તહેવારનું રહેતું. આજે પણ આ પરંપરા ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે. છતાં મૂળ સ્વરૂપમાંથી ઘણું બાદ થઈ ગયું છે. ભવાઈનો રંગલો તો આજે પણ મોજૂદ છે પરંતુ રંગલા પાસે જેવું કામ મૂળ ભવાઈએ લીધેલું તેવું આજે લેવામાં આવતું નથી. રંગલાનો ઉપયોગ વિષયને રસપ્રદ બનાવવા થોડીક મજાકમસ્તી કરવાની સાથોસાથ સૂત્રધારનું પણ હતું. લોકોના કાનમાં ને વિચારોમાં વાતને-વિષયને આરોપવાનું કામ રંગલાનું હતું. આજે રંગલો માત્ર કોમેડિયન જેવું કામ કરતો રહી ગયો છે. આ વાતમાં કેટલું સત્ય છે તે જાણવા યુટ્યુબ પર ઉપલબ્ધ ભવાઈના વિડીયો જોઈ શકાય છે. વળી, અસાઈતે લખેલા ૩૬૦ વેશો અથવા એના નામે ચડેલા વેશોમાંથી જ આજે મોટાભાગનું વિષયવસ્તુ લેવામાં આવે છે. કોઈ નવી કથાવાર્તા કે વિષય લઈને પ્રયોગ કરવામાં આવતો નથી. આજે જે પુરુષો ભવાઈ ભજવતા હોય છે કે સ્ત્રીપાત્રનો અભિનય કરતા હોય છે તેમના ચહેરા પર કરેલો લપેડો ક્યારેક હાસ્યાસ્પદ લાગતો હોય છે. આજે ભવાઈની ભજવણીઓમાં માઈકનો અને મંચનો ઉપયોગ પણ થવા માંડ્યો છે. જોકે, અમુક એવી મંડળીઓ પણ છે જે વ્યસાયિક ધોરણે ભવાઈઓ ભજવે છે અને વિદેશમાં જઈને ભવાઈ ભજવી આવ્યા હોય એવું પણ જાણવા મળે છે.[3]

કહેવાય છે કે ભવાઈના લુપ્ત થવાનું કારણ એમાં પ્રવેશી ગયેલી આછકલાઈ કે અશ્લીલ તત્ત્વોનું નિરૂપણ હતું. નાનાં ગામડાંમાં જે ભવાઈ આજે ભજવાય છે એમાં હજીય પ્રમાણમાં થોડીક અશ્લીલતા જોવા મળે છે. વિષયો પણ લાલજી મણિયારા જેવો કે ટૂચકા જેવો હોય છે. હાલના સમયમાં ભજવાતી ભવાઈમાં મેકઅપ પર બહુ જ ધ્યાન આપવામાં આવે છે તેવું પણ દેખાય છે. ભાષામાં લોકની તળપદી બોલી જ વપરાય છે તે સારી વાત છે પરંતુ લોકસુધારણાનું જે કામ અસાઈતે ઉરઝરણથી કર્યું હતું તે આજે કશે થતું હોય એવું દેખાતું નથી. લોકનાટ્ય તરીકેની પ્રતિષ્ઠા ભવાઈકલાએ જાળવી રાખી છે એ વાત સાચી, પરંતુ આજે ભવાઈ માત્ર ને માત્ર મનોરંજન બની રહી છે. નાનામાં નાનો ઉત્સવ હોય કે મોટામાં મોટો તહેવાર; વ્યવસાયિક ધોરણે આજે ઉત્તર ગુજરાતનાં શહેરોમાં જ નહીં ગામડાંમાં પણ ભવાઈમંડળો ફૂલ્યાંફાલ્યાં છે. મૂળે ભલે અસાઈતે પેટ ખાતર જ ભવાઈકલા વિકસાવેલી. પરંતુ આજે જોવા મળે છે એટલું વ્યાવસાયિકપણું અસાઈતે નહીં જ દાખવ્યું હોય. વળી, જે કારણોસર ભવાઈકલા પતન તરફ ધકેલાઈ એ કારણો આજે પણ અમુક અંશે મોજૂદ જ છે. વ્યાવસાયિકપણું તો ખરું જ, દ્વિઅર્થી સંવાદો અને નૃત્યમાં લટકાઝટકાનું પ્રમાણ આજે પણ જોવા મળે છે. ધારદાર કે વૃત્તિ પર અસર કરનારા સંવાદોની આજે સમૂળગી બાદબાકી દેખાય છે. એટલું જ નહીં, જૂના ને જૂના વિષયો પર ભજવણીઓ થતી રહે છે. એમાં પણ સ્પર્ધાનું તત્ત્વ જેવા મળે છે. વીર માંગડાવાળો, જેસલ-તોરલ જેવા વિષયો પર વારંવાર ભવાઈ ભજવાતી રહે છે. જૂની ગુજરાતી રંગભૂમિનાં નાટકોમાંથી પણ વસ્તુ લેવામાં આવે છે પરંતુ તત્કાલીન વિષયો, તત્કાલીન પરિસ્થિતિ કે સામાજિક બાબતોને આજે ભવાઈમાં સ્થાન લગભગ નથી રહ્યું. અપવાદો હશે તો પણ જૂજ અને પાંખા.

'ભવાઈ' આપણી પોતીકી કળા છે. આપણા આંતરસત્વને પ્રગટ કરનારી કળા છે. પ્રત્યેક કળા પોતાનામાં એક શાસ્ત્રીયતા ધરાવતી જ હોય છે. એને જાળવવી અને પ્રગટ કરવી એ માત્ર કળાકારનું કામ છે એમ કહીએ તો ન ચાલે. તે કળાસ્વરૂપને જોનાર, માણનાર અને

---

[3] https://www.youtube.com/watch?v=O8TRietHewY&t=18s

વિવેચનાર – દરેકની ફરજમાં આવતું કામ છે એ. લોકમાનસ પોતાની આગવી શૈલી જ નથી ધરાવતું હોતું, પોતાની જડ માન્યતા પણ ધરાવતું હોય છે. છતાં, જો તળપદા કલાપ્રકારમાં ટેકનોલોજી પ્રવેશી શકે તો મૂલ્ય કેમ ન પ્રવેશી શકે? ભવાયાઓની આજની પેઢી પાસે જે પરંપરા છે તેનું ઊંડાણ કે તેના ઇતિહાસ વિશે તેમને હકીકતે કેટલી ખબર છે અને તેનું કેટલું અનુસરણ થાય છે તે અભ્યાસનો વિષય છે. આ બાબતે અભ્યાસીઓએ કામ કરવાની જરૂર છે. એવા અભ્યાસ થશે અને ભવાયાઓ, ભવાઈમંડળો સાથે સંપર્ક-સંવાદ સધાશે ત્યારે કદાચ અસાઈતે રચેલા આ સ્વરૂપને દરેક સમયગાળામાં ન્યાય મળી શકશે. જ્યાં સુધી લોક છે ત્યાં સુધી લોકકલાનાં સ્વરૂપો તો રહેવાનાં જ છે. પરંતુ જો એ સ્વરૂપોમાં માત્ર તળપદાપણું જળવાશે અને કળાકીય દષ્ટિકોણ નહીં જળવાય તો ભવિષ્યમાં ક્યારેય કોઈ અસાઈત નહીં જન્મે.

સંદર્ભગ્રંથો


1. ગુજરાતનું લોકનાટ્ય : ભવાઈ (ભવાઈવેશો સાથે), રતિલાલ સાં. નાયક, પ્ર. આદર્શ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. 2011
2. ભવાઈ : સ્વરૂપ અને લક્ષણો, કૃષ્ણકાંત ઓ. કડકિયા, પ્ર. પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા, પ્ર.આ. 1996